


# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા




માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2021-23 ★ RNI No.1687/57

વર્ષઃ ૧૬૧ અંક : ૧૭ * * * સંવત ૨૦૮૦ માગશર વદ બારસ, સોમવાર ૮ જાન્યુઆરી, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ પાનાં ૧૦+૮ કિંમત ₹ ૫.૦૦

# ભારત વિરૂદ્ધ વાંધાજનક નિવેદન કરનાર માલદીવના ૩ મંત્રી સસ્પેન્ડ

**યુવા** બાબતોના મંત્રાલયના ત્રણ નાયબ મંત્રીઓએ મોદીની તાજેતરની લક્ષદ્વીપની મુલાકાત અને ભારતીય ટુરિઝમની ટીકા કરતી ટિપ્પણીઓ સોશ્યલ મીડિયામાં કરી હતી, એક મંત્રીએ મોદી વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી કરી હતી

**માલદીવના** વિરોધ પક્ષના નેતાઓએ મંત્રીઓના નિવેદનની ટીકા કરી, ભારતે આ મુદ્દો માલદીવ સરકાર સમક્ષ ઉપાડ્યો તે પછી સખત પગલું ભરાયું



એક મહિલા મંત્રીએ તો મોદીને વિદુષક ગણાવ્યા

**નવી દિલ્હી, તા. 7 (PTI):** માલદીવની સરકારે રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ટીકા કરતી સોશિયલ મીડિયા પોસ્ટ્સ કરવા બદલ 3 નાયબ મંત્રીઓને સસ્પેન્ડ કર્યા હતા. માલેમાં ભારતીય હાઈ કમિશને ત્યાંના વિદેશ મંત્રાલય સમક્ષ આ મુદ્દો ઉઠાવ્યા પછી આ કાર્યવાહી કરાઈ હતી જ્યારે કે આ ટાપુ રાષ્ટ્રના મુખ્ય વિપક્ષી નેતાઓએ આ વિવાદ પર શાસક પક્ષની ટીકા કરી હતી.

મોદીની લક્ષદ્વીપની મુલાકાત બાદ ત્રણેય નાયબ મંત્રીઓએ એક્સ પરની તેમની પોસ્ટમાં મોદી અને ભારતની ટીકા કરી હતી, અને અનુમાન લગાવ્યું હતું કે તે કેન્દ્રશાસિત પ્રદેશને માલદીવના વૈકલ્પિક પ્રવાસન સ્થળ તરીકે રજૂ કરવાનો પ્રયાસ હતો.

અધિકારીઓને ટાંકતા માલદીવના મીડિયાએ અહેવાલ આપ્યો હતો કે યુવા મંત્રાલયમાં નાયબ મંત્રીઓ માલશા શરીફ, મરિયમ શિઉના અને અબ્દુલ્લાહ માહઝૂમ માજિદને તેમની પોસ્ટ બદલ સસ્પેન્ડ કરાયા હતા.

આ વિવાદ તે દિવસે ઉભો થયો હતો જ્યારે પ્રમુખ ડો. મોહમ્મદ મુઈઝ્ઝુ અઠવાડિયાની મુલાકાતે ચીન પહોંચ્યા હતા. મંત્રીઓ દ્વારા અપમાનજનક ટિપ્પણીઓની ભારતમાં ટીકા કરાઈ હતી, ઘણી હસ્તીઓએ એક્સ પર લોકોને માલદીવ જવાને બદલે સ્થાનિક પ્રવાસન સ્થળોની શોધખોળ કરવા વિનંતી કરી છે.

સોશિયલ મીડિયા પર એવી પોસ્ટ પણ આવી હતી જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે કેટલાક ભારતીયો માલદીવની તેમની નિર્ધારિત યાત્રા

...અનુસંધાન પાના 2 પર

## માલદીવના મંત્રીઓને ભારતના ટુરિઝમના વિકાસના પ્રયાસો ખૂંચ્યા

**નવી દિલ્હી, તા. 7:** વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અને ભારતની ટીકાઓ માલદીવના મંત્રીઓએ કરી હતી જેનાથી ભારે વિવાદ શરૂ થઇ ગયો હતો. માલદીવના મંત્રી અબ્દુલ્લા મહઝૂમ મજીદની ટિપ્પણીથી વિવાદ વધી ગયો હતો તેમણે કહ્યું હતું, 'જ્યારે હું ભારતના પ્રવાસન માટે સફળતાની ઇચ્છા કરું છું, ત્યારે માલદીવને આટલું સ્પષ્ટપણે નિશાન બનાવવું રાજદ્વારી નથી. અમારું રિસોર્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર તેમના કુલ ટાપુઓ કરતાં વધી ગયું છે તે ધ્યાનમાં રાખીને, ભારત બીચ પર્યટનમાં સ્પર્ધામાં નોંધપાત્ર પડકારોનો સામનો કરે છે.' તેમણે એમ પણ કહ્યું હતું કે ભારતના ટુરિસ્ટ સ્પોટોના ઓરડાઓ ગંધાતા હોય છે અને ભારત અમારા જેવી સગવડો આપી શકશે નહીં. એક મહિલા મંત્રી મરિયમ શિઉનાએ તો લક્ષદ્વિપમાં સ્નોરક્લિંગ કરનાર વડાપ્રધાન મોદીને વિદુષક અને કઠપુતળી ગણાવ્યા હતા. એક મંત્રીએ કહ્યું હતું કે ભારત જેવો મોટો દેશ હવે ટુરિઝમમાંથી નાણા બનાવવા શ્રીલંકાની નકલ મારે છે.

## બોલિવુડ સેલિબ્રિટીઓ માલ્દીવના મંત્રીઓની વિરુદ્ધ મેદાનમાં

**અક્ષય**, કંગના, સલમાન ખાન સહિતના અભિનેતાઓએ માલદીવના મંત્રીઓની ટીકા કરી, લક્ષદ્વીપમાં પ્રવાસનને વેગ માટે હાકલ કરી, બોયકોટ માલ્દીવ હેશટેગ ટ્રેન્ડ કરતું થયું

**નવી દિલ્હી, તા. 7:** લક્ષદ્વીપ ટાપુઓ અંગે માલદીવના મંત્રીના વિવાદાસ્પદ ટ્વીટ બાદ ભારત અને માલદીવ વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, ભારતની સેલિબ્રિટીઓએ દ્વીપસમૂહ સાથે તેમની એકતા વ્યક્ત કરવા અને દેશના નાગરિકોને ટાપુઓની સુંદરતા જોવા માટે પ્રોત્સાહિત કરવા

...અનુસંધાન પાના 2 પર

# અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો રંગેચંગે આરંભ



**આંતરરાષ્ટ્રીય** પતંગ મહોત્સવમાં ૫૫ દેશોના ૧૫૩ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ૧૨ રાજ્યોના ૬૮ રાષ્ટ્રીય પતંગબાજો, ગુજરાતનાં ૨૩ શહેરોના ૮૬૫ પતંગબાજો ભાગ લઈ રહ્યાં છે



**ગાંધીનગરઃ** અમદાવાદના રિવરફ્રન્ટ ખાતેથી તિરંગા બલૂનને આકાશમાં ઉડાડીને સીએમ ભૂપેન્દ્ર પટેલે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૪નો શાનદાર પ્રારંભ કરાવ્યો હતો. પટેલે કહ્યું હતું કે પીએમ નરેન્દ્ર મોદી સમયથી આગળનું વિચારવાની વિચારધારા અને વિઝનરી લીડરશીપના પરિણામે દેશમાં ઉદ્યોગો, ધંધા-વ્યાપારના વિકાસ દ્વારા દેશનું અર્થતંત્ર નવી ઊંચાઇએ પહોંચી રહ્યું છે. પીએમ મોદીના વિઝનરી નેતૃત્વમાં દેશના વિકાસનો પતંગ આકાશમાં ઊંચી ઉડાન ભરી રહ્યો છે. ગુજરાતના સર્વાંગી વિકાસના પતંગને વિશ્વના આકાશમાં ઉડાન આપવાની દીર્ઘદૃષ્ટિ સાથે દેશના વડાપ્રધાન અને રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ બે દાયકા પહેલા વાઈબ્રન્ટ

...અનુસંધાન પાના 2 પર

## આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૫૫ દેશોના ૧૫૩ પતંગબાજો પતંગ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૫૫ દેશોના ૧૫૩ પતંગબાજો પતંગ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. સહભાગી દેશોની વાત કરીએ તો આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બહેરિન, બેલારૂસ, બેલ્જિયમ, બ્રાઝિલ, બલ્ગેરિયા, કંબોડિયા, ચીલી, કોલંબિયા, કોસ્ટા રિકા, ડેન્માર્ક, એસ્ટોનિયા, ફ્રાન્સ, જ્યોર્જિયા, જર્મની, ગ્રીસ, હંગેરી, ઈન્ડોનેશિયા, ઈરાક, ઈઝરાયલ, ઈટલી, જાપાન, જોર્ડન, રિપબ્લિક ઓફ કોરિયા, લેબેનોન, લિથુઆનિયા, મલેશિયા, માલ્ટા, મોરેશિયસ, મેક્સિકો, મોરક્કો, નેપાળ, નેધરલેન્ડ્સ, ઓમાન, ફિલિપિન્સ, પોલેન્ડ, પોર્ટુગલ, રોમાનિયા, રશિયા, સાઉદી અરેબિયા, સિંગાપોર, સ્લોવાકિયા, સ્લોવેનિયા, દક્ષિણ આફ્રિકા, સ્પેન, શ્રીલંકા, થાઈલેન્ડ, ટ્યુનિશિયા, તુર્કી, યુક્રેન, યુનાઈટેડ કિંગડમ, યુનાઈટેડ સ્ટેટ્સ, વિયેતનામ જેવા દેશોના સ્પર્ધકો પતંગ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૧૨ રાજ્યોના ૬૮ પતંગબાજો પતંગ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યાં છે જેમાં બિહાર, દિલ્હી, કર્ણાટક, કેરળ, મહારાષ્ટ્ર, ઓડિશા, પંજાબ, રાજસ્થાન,

...અનુસંધાન પાના 2 પર

# કોરિયન ક્ષેત્રમાં ભારે તનાવ: ઉત્તર કોરિયાએ ફરીથી સમુદ્રી સરહદ પર તોપમારો કર્યો

**થોડા** દિવસ પહેલા ૨૦૦ ગોળાઓ છોડ્યા બાદ રવિવારે ફરીથી ૯૦ ગોળા છોડયા

**ઉત્તર** કોરિયાના નેતા કિમ જોંગ ઉનની બહેને દક્ષિણ કોરિયાની શસ્ત્રોને શોધી કાઢવાની ક્ષમતાની મજાક ઉડાવી



**સિઓલ, તા. 7 (AP):** ઉત્તર કોરિયાએ રવિવારે દક્ષિણ કોરિયા સાથેની તેની તણાવપૂર્ણ દરિયાઈ સીમાની નજીક ફરીથી તોપમારો કર્યો હતો, જ્યારે ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉનની પ્રભાવશાળી બહેને તેના શસ્ત્રોના પ્રક્ષેપણને શોધવાની દક્ષિણની ક્ષમતાની મજાક ઉડાવી હતી.

સાઉથ કોરિયાના જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફે કિમ યો જોંગના નિવેદનને 'અભદ્ર પ્રચાર' તરીકે ફગાવી દીધું હતું, જેનો ઉદ્દેશ્ય સૈન્ય અને સ્ટોક ડિવિઝનમાં દક્ષિણ કોરિયાના લોકોના વિશ્વાસને નબળો પાડવાનો હતો.

જોઈન્ટ ચીફ્સ ઓફ સ્ટાફે કહ્યું હતું ઉત્તર કોરિયાએ રવિવારની બપોરે વિવાદીત પશ્ચિમી દરિયાઈ સીમા નજીક 90 રાઉન્ડ કરતા વધુ તોપમારો કર્યો હતો. દક્ષિણ કોરિયાએ સખત શબ્દોમાં ઉત્તર કોરિયાને તાત્કાલિક ઉશ્કેરણીજનક કાર્યવાહી બંધ કરવા વિનંતી કરી છે.

ઉત્તર કોરિયાની સેનાએ બાદમાં

...અનુસંધાન પાના 2 પર

તા.૦૭-૦૧-૨૦૨૪નું સુરત શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૨૯.૮° સે. | ૧૮.૪° સે. | ૬૫% |

# હવાઈ દળના ટ્રાન્સપોર્ટ વિમાને કારગીલમાં રાત્રે લેન્ડીંગ કર્યું

**કારગીલના** દુર્ગમ પ્રદેશમાં મહાકાય હરક્યુલસ વિમાનનું અંધારામાં સફળ ઉતરાણ

**આ વિસ્તારમાં** હવાઇ દળની મારક ક્ષમતા વધશે



**નવી દિલ્હી, તા. 7 :** પ્રથમ વખત, ભારતીય હવાઈ દળના (આઈએએફ) સી-130જે સુપર હર્ક્યુલસ ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટે પાકિસ્તાન સાથેની નિયંત્રણ રેખા (એલઓસી) નજીક કારગીલ એડવાન્સ્ડ લેન્ડિંગ ગ્રાઉન્ડ પર રાત્રીએ લેન્ડિંગ કર્યું હતું.

કારગીલ એરસ્ટ્રીપ પર ખાસ ગરુડ કમાન્ડો સાથે વ્યૂહાત્મક લિફ્ટ એરક્રાફ્ટનું નાઈટ લેન્ડિંગ વ્યૂહાત્મક રીતે નિર્ણાયક ક્ષેત્રમાં આઈએએફની ઓપરેશનલ ક્ષમતાઓનું પ્રદર્શન કરે છે, એમ આ બાબતથી પરિચિત લોકોએ જણાવ્યું હતું. નાઈટ લેન્ડિંગ હાલમાં જ હાથ ધરવામાં આવ્યું હતું.

જ્યારે આઈએએફ એરક્રાફ્ટ અગાઉ એડવાન્સ લેન્ડિંગ ગ્રાઉન્ડ પરથી ઓપરેટ કરી ચૂક્યું છે, ત્યારે આ પહેલીવાર બન્યું છે કે કોઈ ટ્રાન્સપોર્ટ પ્લેન નાઈટ લેન્ડિંગ કરે. કારગીલની હવાઈ પટ્ટી આશરે 10,500 ફીટની ઊંચાઈ પર આવેલી છે. સંરક્ષણ મંત્રાલય વાસ્તવિક નિયંત્રણ રેખા પર તમામ એરફીલ્ડ પર માળખાગત સુવિધાઓ વિસ્તૃત કરવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહ્યું છે, જેમાં એડવાન્સ લેન્ડીંગ ગ્રાઉન્ડ્સ સામેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અત્યંત દુર્ગમ એવા કારગીલ પ્રદેશમાં સખત

...અનુસંધાન પાના 2 પર

